# જીવન કૌશલ્ય ઉપકરણ/ ચેકલીસ્ટ- ધોરણ : ૧ - ૨ (ઉમર : ૬ - ૭વર્ષ )

Dr. Axaysagar Mehta, DIET Bhavnagar

| જીવન કૌશલ્યો | તમારા વિદ્યાર્થી/બાળકોને આ જીવન કૌશલ્ય આવડે છે ? |
|---|---|
| ☺ શરીરનાં અવયવો(આંખ,કાન,નાક...વગેરે)ની સ્વચ્છતા જાળવે. | |
| ☺ નખ કપાયેલા હોય. | |
| ☺ વાળ વ્યવસ્થિત હોય. | |
| ☺ રોજ સ્નાન કરે. | |
| ☺ રમત ગમત પછી હાથ - પગ લાગેલી ધૂળ સાફ કરે. | |
| ☺ જમતાં પહેલાં હાથ - પગ સાફ કરે. | |
| ☺ ચમચી વડે ખાતા આવડે - ચાવીને ખાય. | |
| ☺ પહેરેલા કપડા સ્વચ્છ રાખે. | |
| ☺ સુઘડ રીતે શેતરંજી પાથરતા આવડે. | |
| ☺ જમતી વખતે જાતે લઈને જમે.. | |
| ☺ બીજાને પાણી આપે.. | |
| ☺ ગોળામાંથી ડોયા વડે જાતે પ્યાલામાં પાણી લઈને ઊંચેથી પીવે. | |
| ☺ કપડાં જાતે પહેરે. | |
| ☺ બુટ / ચપ્પલ / સેન્ડલ અને મોજા જાતે પહેરે. | |
| ☺ પોતાની વસ્તુ  સાચવે અને વ્યવસ્થિત મૂકે. | |
| ☺ રમકડા  વ્યવસ્થિત  ગોઠવે. | |
| ☺ બુટ / ચપ્પલ / સેન્ડલ અને મોજા વ્યવસ્થિત મૂકે. | |
| ☺ જોડકણાં ગાઈ શકે. | |
| ☺ બાળગીતો ગાઈ શકે. | |
| ☺ બાળ અભિનય ગીતો રજૂ કરી શકે. | |
| ☺ ગોળ,ત્રિકોણ,ચોરસ અને લંબચોરસ જેવા આકારો દોરે. | |
| ☺ ચિત્રોમાં રંગપૂરણી કરે. | |
| ☺ રમતો રમે. | |
| ☺ પ્રાર્થના કરે. | |
| ☺ પ્રાર્થના કાર્યક્રમ શાંતિથી રસપુર્વક સાંભળે. | |

| જીવન કૌશલ્યો | તમારા વિધાર્થી/બાળકોને આ જીવન કૌશલ્ય આવડે છે ? |
|---|---|
| ☺ શાળાએ સમયસર અને નિયમિત જાય. | |
| ☺ અન્ય બાળકો સાથે હળીમળીને રહે. | |
| ☺ બીજાની વસ્તુ પૂછીને જ લે. | |
| ☺ શિસ્તપુર્વક વર્તન કરે. | |
| ☺ જયાં ત્યાં ન થૂંકે. | |
| ☺ જયાં ત્યાં પેશાબ કે મળત્યાગ ન કરે. | |
| ☺ વનસ્પતિના પાન,ફળ,ફુલ ખોટી રીતે ન તોડે. | |
| ☺ કુંડા કે કયારામાં છોડને પાણી પાય. | |
| ☺ પશુ-પંખીઓ માટે કુંડાઓમાં પાણી ભરે. | |
| ☺ પક્ષીઓને દાણાં ચણ નાખે. | |
| ☺ ગાય ને રોટલી આપે. | |
| ☺ શરીરના અંગોને ઓળખે. | |
| ☺ શરીરના અંગોના કા જાણે. | |
| ☺ શાકભાજી અને ફળોને ઓળખે. | |
| ☺ પ્રાણીઓને ઓળખે. | |
| ☺ પંખીઓને ઓળખે. | |
| ☺ જીવજંતુને ઓળખે. | |
| ☺ વિવિધ સ્થાનિક વ્યવસાયોને ઓળખે. | |
| ☺ પોતાના કુટુંબનાં સભ્યોને ઓળખે. | |
| ☺ પશુઓ અને પક્ષીઓનાં રહેઠાણો વિશે જાણતાં હોય. | |
| ☺ **વાહનોને ઓળખે.** | |
| ☺ **પોતાના વાલીનું નામ, વ્યવસાય, ઘરનું સરનામું અને વાલીનો ફોન નંબર મોઢે આવડે.** | |
| ☺ **ચોકલેટ કે અન્ય પ્રલોભનથી ભોળવાય ન જાય.** | |

## જીવન કૌશલ્ય ઉપકરણ / ચેકલીસ્ટ- ધોરણ : ૩ - ૪ (ઉંમર : ૮ - ૯વર્ષ )

**Dr. Axaysagar Mehta, DIET Bhavnagar**

| જીવન કૌશલ્યો | તમારા વિદ્યાર્થી/બાળકોને આ જીવન કૌશલ્ય આવડે છે ? |
|---|---|
| ☺ પ્રાણાયમ કરે. | |
| ☺ ખોરાકની આરોગ્ય પર અસર સમજીને બાજારુ અને વાસી ખોરાકથી દૂર રહે. | |
| ☺ દોરડા કૂદતાં આવડે. | |
| ☺ સ્વછતા અને આરોગ્યનો સંબંધ ખબર હોય. | |
| ☺ શૌચક્રિયા પછી સાબુ વડે હાથ ધોવે. | |
| ☺ સાવરણીથી કચરો વાળતાં આવડે. | |
| ☺ પોતુ કરતાં આવડે. | |
| ☺ ઘરની સફાઈ કરતાં આવડે. | |
| ☺ કપડાં બોળવામાં મદદ કરી શકે. | |
| ☺ કપડાં સંકેલતા આવડે. | |
| ☺ ફર્નિચર સાફ કરતાં આવડે. | |
| ☺ વસ્તુઓ, છાપા અને પુસ્તકો વ્યવસ્થિત ગોઠવે. | |
| ☺ પોતાના દફતરમાં શૈક્ષણિક સામગ્રી જાતે ગોઠવે. | |
| ☺ ભોજન માટેનું ડાયનિંગ ટેબલ ગોઠવે. | |
| ☺ પોતાની પથારી કરતાં આવડે. | |
| ☺ રૂ ની વાટ બનાવતાં આવડે. | |
| ☺ જમતી વખતે બીજાને પીરસે. | |
| ☺ સ્નાન જાતે કરે. | |
| ☺ માથામાં તેલ જાતે નાંખે તથા વાળ ઓળે. | |
| ☺ પુસ્તક, નોટ કે ચોપડી પર પૂંઠા ચડાવતાં આવડે. | |
| ☺ ગુંદર કે ફેવિકોલનો ઉપયોગ કરતાં આવડે. | |
| ☺ પડીકું વાળતાં આવડે. | |
| ☺ શેરડીનો સાંઠો છોલીને ખાતાં આવડે. | |
| ☺ પોતાનો પરિચય રીતે આપતાં આવડે(ચાર-પાંચ વાકયોમાં). | |

| જીવન કૌશલ્યો | તમારા વિધાર્થી/બાળકોને આ જીવન કૌશલ્ય આવડે છે ? |
|---|---|
| ☺ જીવો પ્રત્યે અનુકંપા રાખે. | |
| ☺ સાયકલ ચલાવતા આવડે. | |
| ☺ સુંદર અક્ષરે લખતાં આવડે. | |
| ☺ ચલણી નોટોં અને ચલણી સિક્કાઓને ઓળખે તેમજ તેમની વચ્ચેનો સહસબંધ જાણતા હોય. | |
| ☺ પોતાના તાલુકા વિશેની સામાન્ય માહિતી હોય. | |
| ☺ મહેમાનગતિ કેમ કરવી? તે ખબર હોય. | |
| ☺ રસ્તા પર / રસ્તા વચ્ચે / બજારમાં વર્તન યોગ્ય હોય. | |
| ☺ રસ્તા પર અકસ્માતને ટાળી શકાય તે રીતનું વર્તન હોય. | |
| ☺ જાહેર મિલકતને જાળવે. | |
| ☺ સમુહ ભોજનમાં/ જમણવારોમાં ધ્યાન શું રાખવું ? તે ખબર હોય. | |
| ☺ પુસ્તકાલયમાં, કથાવાર્તાઓમાં, દવાખાનામાં વર્તન યોગ્ય હોય. | |
| ☺ હોટલો અને ભોજનાલયોમાં ધ્યાનમાં શું રાખવું? તેની ખબર હોય. | |
| ☺ પોતાના પ્રશ્નો કે પોતાની વાત વાલી કે શિક્ષકની મુક્ત રીતે કહી શકે. | |
| ☺ અન્ય વ્યક્તિ દ્વારા ખરાબ ઇરાદાથી કરવામાં આવતાં અયોગ્ય સ્પર્શ ને સમજે. | |

## જીવન કૌશલ્ય ઉપકરણ / ચેકલીસ્ટ-ધોરણ : ૫ (ઉમર : ૧૦વર્ષ )

Dr. Axaysagar Mehta, DIET Bhavnagar

| જીવન કૌશલ્યો | તમારા વિધાર્થી/બાળકોને આ જીવન કૌશલ્ય આવડે છે ? |
|---|---|
| ☺ સુર્ય નમસ્કાર કરે. | |
| ☺ વ્યસનમુકત રહેલા સતત જાગૃત રહે. | |
| ☺ આહાર અને આરોગ્યનો સંબંધ  ખબર હોય. | |
| ☺ પોતાના વાસણ સાફ કરતાં આવડે. | |
| ☺ ચપ્પુથી શાકભાજી સમારતાં  આવડે. | |
| ☺ ગાજ – બટન ટાંકતા આવડે. | |
| ☺ રૂમ/વર્ગનું સુશોભન કરતાં આવડે. | |
| ☺ બુટ પોલીસ કરતાં આવડે. | |
| ☺ સ્ટેપલરથી કાગળને પીન મારી શકે. | |
| ☺ પંચમશીનનો ઉપયોગ કરીને કાગળોનું ફાઇલીંગ કરતા આવડે. | |
| ☺ કાવ્યગાન કરી શકે. | |
| ☺ બાલનૃત્ય કરી શકે. | |
| ☺ બાલવાર્તા કહી શકે. | |
| ☺ તહેવારો/ઉત્સવો અને રાષ્ટ્રીય પર્વોની ઉજવણીમાં રસ અને ઉત્સાહથી સક્રિય રીતે ભાગ લે. | |
| ☺ વકતવ્ય આપી શકે. (બે-ત્રણ મિનિટ) | |
| ☺ બાલપુસ્તકાલયનો ઉપયોગ કરતાં હોય. | |
| ☺ મહેંદી મુકતાં આવડે. (“ફકત કન્યાઓ માટે”) | |
| ☺ વૃક્ષારોપણપ્રવૃત્તિ માટે ખાડા તૈયાર કરે. | |
| ☺ પ્રાંગણમાં ઇંટોથી છોડના ક્યારા બનાવે. | |
| ☺ પોતાની આસપાસની વનસ્પતિઓને ઓળખી શકે. | |
| ☺ પર્યાવરણ જાળવણી અંગે જાગૃત હોય. | |
| ☺ જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહીત કુદરતી પર્યાવરણનું જતન કરે. | |

| જીવન કૌશલ્યો | તમારા વિદ્યાર્થી/બાળકોને આ જીવન કૌશલ્ય આવડે છે ? |
|---|---|
| ☺ ગીતો ગાઇ શકે. | |
| ☺ રાષ્ટ્રગીત ગાઇ શકે. | |
| ☺ અભિનય ઈતો રજુ કરી શકે. | |
| ☺ કાગળમાંથી વિવિધ રમકડાં બનાવતા | |
| ☺ પ્રાર્થના સંમેલન માં રસ અને ઉત્સાહથી સક્રિય ભાગ લે. | |
| ☺ વડીલોને માન આપે… તેને મદદરૂપ થાય. | |
| ☺ મહેમાન કેમ થવું ? તે આવડે. | |
| ☺ ઘર, શાળા અને જાહેર સ્થળોએ યોગ્ય વર્તન વ્યવહાર કરે. | |
| ☺ સભા વખતે ધ્યાનમાં શું રાખવું ? તે ખબર હોય. | |
| ☺ પ્રભાતફેરી  કે સરઘસમાં યોગ્ય વર્તન કરે. | |
| ☺ પાણી કરકસરપૂર્વક વાપરે અને સદ્‌ઉપયોગ કરે. | |
| ☺ રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતનો આદર કરે. | |
| ☺ વૃક્ષોને રંગરોગાન – ગેરૂ લગાવે. | |
| ☺ વનસ્પતિનાં વિવિધ ભાગોને ઓળખે. | |
| ☺ સ્થાનિક વિસ્તારનાં  ખેતીના પાક વિશે જાણકારી હોય. | |
| ☺ દિશાઓ ઓળખે છે. અને કહી શકે છે. | |
| ☺ ઇસવીસન અને વિક્રમસંવત પ્રમાણેનાં મહિનાઓના નામ અને ક્રમ ખબર હોય. | |
| ☺ શિયાળો, ઉનાળો અને ચોમાસું ઇસવીસન અને વિક્રમસંવત પ્રમાણે ક્યાં મહિનાઓમાં હોય તેની ખબર હોય. | |
| ☺ રાષ્ટ્રીય પ્રતિકોને ઓળખે. | |
| ☺ વિવિધ ધાર્મિક સ્થળોને ઓળખે. (મંદિર, મસ્જીદ, ચર્ચ, ગુરુદ્વારા, અગિયારી….) | |
| ☺ ઘડિયાળ જોતાં આવડે. | |
| ☺ પોતાના ગામ વિશે સામાન્ય માહિતી હોય. | |
| ☺ સ્થાનિક વ્યવસાયકારોનાં ઓજારો અને કાર્યોની ખબર હોય. | |
| ☺ પશું  પંખીઓની ખોરાકની ટેવો જાણતાં હોય. | |

## જીવન કૌશલ્ય ઉપકરણ / ચેકલીસ્ટ-ધોરણ : ૬ (ઉમર : ૧૧વર્ષ )

Dr. Axaysagar Mehta, DIET Bhavnagar

| જીવન કૌશલ્યો | તમારા વિધાર્થી/બાળકોને આ જીવન કૌશલ્ય આવડે છે ? |
|---|---|
| ☺ પોતાના અંગોની જરૂરી કાળજી લે. | |
| ☺ જરૂરી વ્યાયામ કરે. | |
| ☺ જરૂરી સમતોલ આહાર લે. | |
| ☺ પોતાની ઉચાઇ ખબર હોય. | |
| ☺ પોતાનું વજન ખબર હોય. | |
| ☺ કપડાં ધોતાં – સુકવતા – ગડી કરતાં આવડે. | |
| ☺ સોંય – દોરાથી કપડું સાંધતા અને થીંગડુ મારતાં આવડે. | |
| ☺ દિવાલમાં ચપ્પલમાં કે ફર્નિચરમાં ખીલી ઠોકતાં કે સ્ક્રુ બેસાડતાં આવડે. | |
| ☺ નળનાં નબળા આંટા ખવાઇને ઢીલા થયા હોય અને તેમાંથી ટપકતું પાણી બંધ કરતાં આવડે. | |
| ☺ બારી – બરણાંને દિવાલે રંગ કરતાં આવડે. | |
| ☺ બાથરૂમ, સંડાસ, ખાળ, ગટર એસિડ – ફિનાઇલ – સાબુ – ડિટર્જન્ટ ...વગેરેનો ઉપયોગ કરીને સાફ કરતાં આવડે. | |
| ☺ મીટરપટ્ટીનો ઉપયોગ આવડે. | |
| ☺ વજનીયાં અને વજન કરતાં આવડે. | |
| ☺ કોઇપણ વસ્તુનું જોખીને વજન કરતાં આવડે. (ડીજીટલ હોય તો વજન રીડીંગ વાંચતા આવડે) | |
| ☺ પોતાના સગા – સ્નેહીઓના સરનામાં તથા ફોનની ડાયરી તૈયાર કરે. | |
| ☺ વિશેષ દિનની ઉજવણીમાં ભાગ લે. | |
| ☺ લીંબુ – વરીયાળીનું સરબત બનવતાં આવડે. | |
| ☺ ફુલોની માળા કે આસોપાલવનું તોરણ બનાવતાં આવડે. | |
| ☺ ઝાડ પર ચઢતાં આવડે. | |
| ☺ સાદાં ચિત્રો દોરી શકે. | |
| ☺ મુક અભિનય કરી શકે. | |
| ☺ સંવાદો રજુ કરી શકે. | |

| જીવન કૌશલ્યો | તમારા વિધાર્થી/બાળકોને આ જીવન કૌશલ્ય આવડે છે ? |
|---|---|
| ☺ વેશભુષામાં ભાગ લે. | |
| ☺ સંગીત આવડે. કોઇપણ એક સાધન તબલાં – હારમોનિયમ – મંજીરા – વાયોલીન – ગીટાર.... વગેરે આવડે. | |
| ☺ ચિત્રોની પઝલ્સ ઉકેલે. | |
| ☺ કેશગુંથન આવડે. ("ફકત કન્યા માટે") | |
| ☺ સાયકલની સંભાળ લેતાં આવડે. | |
| ☺ પર્ણ અને ઔષધિય પોથી તથા ફુલપોથી બનાવે. | |
| ☺ આસપાસ આવેલ ઔષધિય વનસ્પતિના નામ આવડતા હોય તથા તેનો ઉપયોગ ખબર હોય.(દસ) | |
| ☺ કુંડા કે જમીનમાં છોડ રોપીને તેની માવજત કરતાં આવડે. | |
| ☺ પાણી અને વિજળી બચત વિશે જાગૃત રહે. | |
| ☺ જોડણીકોશનો ઉપયોગ કરતા આવડે. | |
| ☺ પોતાની વાતને ઓછા શબ્દોમાં રજુ કરતાં આવડે. | |
| ☺ રજા ચિઠ્ઠી લખતા આવડે. | |
| ☺ પોતાના નામ નો અર્થ ખબર હોય. | |
| ☺ સમાચારપત્ર રોજબરોજ વાંચીને વર્તમાન સમાચારોની જાણકારી ધરાવતા હોય. | |
| ☺ પોતાના જીલ્લા વિશેની સામાન્ય માહિતી હોય. | |
| ☺ પડોશી સાથેનો વ્યવહાર આવડે. | |
| ☺ વિકલાંગ – અસહાય વ્યક્તિને મદદરૂપ થતાં હોય. | |
| ☺ રમતગમત નાં મેદાનમાં વર્તન યોગ્ય હોય. | |
| ☺ મંદિર – મસ્જિદ – ચર્ચ – ગુરુદ્વારા – તીર્થધામોમાં વર્તન યોગ્ય હોય. | |
| ☺ ક્યાં સમયે શું બોલાય અને શું ના બોલાય તેનો વિવેક હોય. | |
| ☺ જુદી જુદી વ્યકતિ સાથે કેવો વર્તન વ્યવહાર કરાય તેની ખબર હોય. | |
| ☺ વિચાર – વાણી – વર્તન એક હોય. | |
| ☺ ભિખાઈઓ સાથેનું વર્તન પણ યોગ્ય હોય. | |
| ☺ વાલી, શિક્ષક, સંત, વડીલોને આદર આપે. | |
| ☺ પટ્ટાવાળા – સફાઇકામદારો...... વગેરેના કામને પણ માનની નજરે જોવે. | |
| ☺ શ્રમ પ્રત્યે સુગ ન હોય. | |

## જીવન કૌશલ્ય ઉપકરણ / ચેકલીસ્ટ- ધોરણ : ૭ (ઉમર : ૧૨વર્ષ )

Dr. Axaysagar Mehta, DIET Bhavnagar

| જીવન કૌશલ્યો | તમારા વિધાર્થી/બાળકોને આ જીવન કૌશલ્ય આવડે છે ? |
|---|---|
| ☺ યોગાસનો કરે. | |
| ☺ તંદુરસ્તી માટે ઉચાઇનાં પ્રમાણમાં કેટલું વજન હોવું જોઇએ તેની જાણકારી હોય. | |
| ☺ પોતાનું બ્લડગ્રુપ ખબર હોય. | |
| ☺ સ્વસ્થ જીવનશૈલી જાણે, સમજે અને અપનાવે. | |
| ☺ કઇ ઋતુમાં ક્યાં શાકભાજી, ફળો, અનાજ, અને તેલ મળે તેની ખબર હોય. | |
| ☺ શાકભાજી – અનાજ – કરીયાણું જેવી ચીજવસ્તુઓ જાતે ખરીદતાં આવડે. | |
| ☺ નાણાંનો હિસાબ કરતાં આવડે. | |
| ☺ પેકેટ પરનું લખાણ વાંચીને ખરીદી કરતાં આવડે. (કિંમત, વજન, તારીખ....) | |
| ☺ એસ.ટી. સમયપત્રક જોતાં આવડે. | |
| ☺ વિજળી બીલ જોતાં આવડે અને ૧ યુનિટનો ભાવ ખબર હોય. | |
| ☺ હેલ્પલાઇન નંબરોની જાણ હોય. (પોલીસ, એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગ્રેડ, વગેરે.... ) | |
| ☺ કુટુંબનું વંશાવલી વૃક્ષ બનાવે. | |
| ☺ ગુજરાતી મહીનાની તિથિ વિશે જાણકારી હોય. | |
| ☺ છુટા કાગળમાંથી નોટ બાંધતા આવડે. | |
| ☺ દોરડાની મદદથી ચઢતાં આવડે. | |
| ☺ રંગોળી દોરતાં, તેમાં રંગો પુરતાં આવડે. | |
| ☺ નાટક ભજવવામાં ભાગ લે. | |
| ☺ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લે. | |
| ☺ ઉખાણાઓ / ભુલભુલામણી ઉકેલ મેળવે. | |
| ☺ પ્રવાસ કરતાં થાય. | |
| ☺ ભરતગુંથણ આવડે.("ફક્ત કન્યા માટે") | |
| ☺ શરીરનું તાપમાન / તાવ થર્મોમીટર વડે નોંધતાં / માપતાં આવડે. | |

-

| જીવન કૌશલ્યો | તમારા વિધાર્થી/બાળકોને આ જીવન કૌશલ્ય આવડે છે ? |
|---|---|
| ☺ ચા – કોફી બનાવતા આવડે. | |
| ☺ ઇસ્ત્રી, કુકર, મિક્સર, ગિઝર ... વગેરે ઉપકરણોનો ઉપયોગ કરતા આવડે. | |
| ☺ મોબાઇલ ફોનનો ઉપયોગ કરતા આવડે. | |
| ☺ મોબાઇલ, લેપટૉપ, ટેબ્લેટ ચાર્જ કરી શકે. | |
| ☺ ચકલીના માળા બનાવે. | |
| ☺ જમીન અને જમીન સુધારણા વિશેની સમજ હોય (સ્વસ્થ જમીન રચના અને જમીન સંવર્ધન) | |
| ☺ ગુજરાતી શબ્દકોશનો ઉપયોગ કરતાં આવડે. | |
| ☺ અંગ્રેજી શબ્દકોશનો ઉપયોગ કરતાં આવડે. | |
| ☺ સત્તાવાળાઓને અરજી કરતાં આવડે. | |
| ☺ સારા સામાયિક વાચતાં હોય. | |
| ☺ વહેમ-અંધશ્રધ્ધાથી દૂર હોય – વૈજ્ઞાનિક વલણ ધરાવતાં હોય. | |
| ☺ પોતાના રાજ્ય વિશેની માહિતી હોય. | |
| ☺ સુર્યમંડળ વિશેની જાણકારી હોય. | |
| ☺ આકાશદર્શન કરતાં હોય. | |
| ☺ ખોરાકમાં ભેળસેળ વિશે જાગૃત હોય. | |
| ☺ પોતાની સમસ્યા ઉકેલવાની શક્તિ હોય. | |
| ☺ નિર્ણયશક્તિ  હોય / જુદી જુદી પરિસ્થિતિમાં યોગ્ય નિર્ણય લેવાની શક્તિ હોય. | |
| ☺ ટેલીવિઝન ક્યારે અને કેટલું જોવુ હોય. અને તેમાં શું જોવું? તેની સમજ હોય. | |
| ☺ પ્રવાસમાં ( રેલ્વે – બસ – રીક્ષા...વગેરે) શું ધ્યાન રખાય? તેની આવડત હોય. | |
| ☺ મેળાઓમાં શું ધ્યાન રાખવું તે ખબર હોય. | |
| ☺ લગ્ન અને ઉત્સવોમાં વર્તન યોગ્ય હોય. | |
| ☺ સિનેમા – થિયેટરમાં વર્તન યોગ્ય હોય. | |
| ☺ કરકસરનાં ગુણને પણ જીવનમાં અપનાવે. | |
| ☺ સ્ત્રીઓને આદર કરે. | |

# જીવન કૌશલ્ય ઉપકરણ / ચેકલીસ્ટ- ધોરણ : ૮ (ઉમર : ૧૩વર્ષ )

Dr. Axaysagar Mehta, DIET Bhavnagar

| જીવન કૌશલ્યો | તમારા વિધાર્થી/બાળકોને આ જીવન કૌશલ્ય આવડે છે ? |
|---|---|
| ☺ ધ્યાન કરતા હોય. | |
| ☺ પ્રાથમિક ઉપચારનુ જ્ઞાન હોય. | |
| ☺ પોતાના જાતીય ફેરફાર વિશે જાણે. | |
| ☺ ટુકી પદયાત્રા, પર્વતારોહણ જેવા કાર્યક્રમમા ભાગ લેતા હોય જેથી જીવનમા રફ એન્ડ ટફ બને તથા ચાલશે-ફાવશે-ભાવશે ના મન્ત્રને અપનાવે.(૫-૧૦કિ.મી ચાલી શકે-ભુખ્યા રહી શકે.) | |
| ☺ સ્વાસ્થ્ય સારૂ રહે તે માટે જાગ્રુત હોય | |
| ☺ રોજીદી સાદી રસોઇ બનાવાતા આવડે. | |
| ☺ પાણીની ટાકી સાફ કરતા આવડે. | |
| ☺ રેલ્વેનુ સમયપત્રક, અતર જોતા – રીઝર્વેશન કરાવતા આવડે. | |
| ☺ પોસ્ટ ઓફીસ સાથેનો વ્યવહાર આવડે. | |
| ☺ બેન્ક વ્યવહાર (ચેક-ડ્રાફ્ટ –લોકર-ATM વગેરે) આવડે. | |
| ☺ ટ્રાફિકના નિયમોની જાણકારી હોય | |
| ☺ બુટમા દોરી/વાધરી નાખતા આવડે | |
| ☺ કાપડ માપતા આવડે | |
| ☺ જમીન માપતા આવડે | |
| ☺ વિજળી અને ટેલિફોન બિલની ગણતરી કરતા આવડે | |
| ☺ સે.મી, મીટર અને કિલોમીટર જેવા માપની ખાબર હોય | |
| ☺ પ્રવાહી માટેનુ માપ લીટરની ખબા હોય | |
| ☺ યોગ્ય રીતે સરનામુ લખીને કુરીયર કરતા આવડે | |
| ☺ બલ્બ-ટ્યુબ ચડાવતા આવડે | |
| ☺ રાધણ ગેસ ઉપયોગ આવડે | |
| ☺ સાઇકલ – સ્કુટરના ટાયરનુ પકચર કરતા આવડે | |
| ☺ ગાડીમા જેક ચડાવી ટાયર બદલતા આવડે | |
| ☺ પાનુ પક્કડ, હથોડી, સ્ક્રુ ડ્રાઇવર .... વગેરે વાપરતા આવડે | |
| ☺ ખેતીના ઓજારોની સમજ હોય તથા ઉપયોગ આવડતો હોય | |
| ☺ ઇ-મેઇલ કરતા આવડે | |
| ☺ ઇન્ટરનેટનો ઉપયોગ કરતા આવડે | |
| ☺ કમ્પ્યુટર લીટરસી (સાક્ષરતા) હોય | |
| ☺ ફોટોગ્રાફી (છબીકલા) આવડે | |
| ☺ તાલ સાથે લોકનુત્યોનો રગમચ પરથી નિર્ભય રીતે રજુઆત કરી શકે. | |

| જીવન કૌશલ્યો | તમારા વિધાર્થી/બાળકોને આ જીવન કૌશલ્ય આવડે છે ? |
|---|---|
| ☺ સિવણકામ આવડે. (“ફકત કન્યા માટે”) | |
| ☺ જળસંચય અને તેની પધ્ધતિઓ વિશે જાણકારી હોય. | |
| ☺ પર્યાવરણના સંરક્ષણ અને સંવર્ધન પ્રત્યે જાગૃત હોય. | |
| ☺ પ્રદુષણ ઘટે તે માટે જાગૃત હોય. | |
| ☺ અળસિયા બેન્કની રચના વિશે ખબર હોય. | |
| ☺ પાણીમાં તરતાં આવડે. | |
| ☺ ડિઝાસ્ટર મેનેજમેન્ટ (સ્વબચાવ અને અન્યનો બચાવ) કરતાં આવડે. | |
| ☺ પર્યટન કરે. | |
| ☺ નકશો જોઇને કોઇપણ સ્થળ શોધી કાઢતાં આવડે. | |
| ☺ છાપેલા ફોર્મમાં પોતાના વિશેની માહિતી લખી શકે.<br>(અટક, નામ, પિતાનું નામ, ઘરનું સરનામું, જન્મ તારીખ, જાતી, ફોન નંબર..) | |
| ☺ લેખનકલા વિકસેલ હોય<br>(નિબંધ લેખન કે કોઇપણ વિષય પર મૌલિક લખાણ લખી શકે. | |
| ☺ બાળ વિશ્ર્વકોશનો ઉપયોગ કરે. | |
| ☺ પોતાના દેશ વિશેની માહિતી હોય. | |
| ☺ દુનિયા વિશે થોડી ધણી માહિતી હોય. | |
| ☺ પોતાની રાષ્ટ્ર પ્રત્યેની ફરજો વિશે ખબર હોય. | |
| ☺ દેશનાં રક્ષણ માટે – રાષ્ટ્રીય સેવા માટે હમેંશા તત્પર હોય. | |
| ☺સંસ્કૃતિના સમૃધ્ધ વારસાનું મુલ્ય સમજે અને તેને જાળવે. | |
| ☺ તણાવ અનુકૂલન સાધી શકે/તણાવ પર નિયંત્રણ રાખી શકે. | |
| ☺ સ્વચ્છ, પ્રસન્ન, નમ્ર, ઉત્સાહી અને મીઠી ભાષા બોલતાં, હસતાં ચહેરે બીજાને મળતા હોય, અસરકારક પ્રત્યાયન  કૌશલ્ય (ઇફેક્ટીવ કોમ્યુનિકેશન સ્કીલ) હોય. | |
| ☺ અકસ્માત વખતે શું કરાય/ કેમ મદદરૂપ થવું તેની ખબર હોય. | |
| ☺ ક્યા પ્રસંગે કેવા કપડાં/પોષાક પહેરાય તેની ખબર હોય. | |
| ☺ ક્યા પ્રસંગે કેવું વર્તન કરાય તેની ખબર હોય. | |
| ☺ આપણાં રીત રિવાજો વિશે જાણકારી હોય. | |
| ☺ ઘરેણાં, ઘડિયાળ, મોબાઇલ, પૈસા... વગેરે સાચવી શકે. | |
| ☺ જરૂરી ટાઇમ મેનેજમેન્ટ આવડે. | |
| ☺ માનવતાવાદની ભાવના ધરાવતા હોય. | |
| ☺ કુરસદનાં સમયનો સદઉપયોગ કરે. | |